## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલી ખત્રી વિદ્યાલયમાં વોકેશનલ કોર્સ અંતર્ગત ગાંધીનગર ટિમ દ્વારા નિરીક્ષણ કરાયું



**બોડેલી :** ખત્રી વિદ્યાલયમાં વોકેશનલ કોર્સ એપરલ મેડ અપ & હોમ ફર્નિશિંગ (સિવણ) મુખ્ય હેતુ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીનીઓમાં વ્યવસાયલક્ષી શિક્ષણ પ્રાપ્ત થાય, બાળક અભ્યાસકાળથી જ આત્મનિર્ભર બને તે હેતુસર ધોરણ ૯-૧૦ના વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતા હોય ત્યારે સરકાર દ્વારા વિવિધ અદ્યતન લેબ દ્વારા ઓટોમેટેડ મશીન સાથે આદ્યતન આધુનિક સાધનો શાળાકીય લાભ આપતા હોય સાધનોનું સુચારુ સંચાલન, કોર્સના વિદ્યાર્થીઓને પૂરતા લાભ તથા યોગ્ય શિક્ષણ પ્રાપ્ત થાય જે રાજ્ય સરકારનો મુખ્ય અભિગમ રહ્યો છે.

### જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર દ્વારા ટીબી મુક્ત ગ્રામ પંચાયત સન્માન કાર્યક્રમ યોજાયો



**છોટાઉદેપુર :** જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિવસ ની ઉજવણી અંતર્ગત દરબાર હોલ છોટાઉદેપુર ખાતે ટીબી મુક્ત ગ્રામ પંચાયત ના સન્માન માટે નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં છોટાઉદેપુર જિલ્લા ની ૩૫૯ ગ્રામ પંચાયત માંથી ૮૯ પંચાયત ટી.બી. ફ્રી પંચાયત જાહેર કરવામાં આવી હતી જેમા ગ્રામ પંચાયત સરપંચશ્રી, તલાટી ઓને ગાંધીજીની પ્રતિમા તથા સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જીલ્લા પંચાયત પ્રમુખશ્રી મલકાબેન પટેલ નાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત કારોબારી સમિતિ ચેરમેન શર્મિલા બેન રાઠવા, છોટાઉદેપુર જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભરતસિંહ ચોહાણ વગેરે હાજર રહ્યા હતા.

### ડભોઇ પોલીસ સ્ટેશનના વાર્ષિક ઇન્પેક્શનનું પરેડ સાથે નિરીક્ષણ કરાયું



**ડભોઈ :** ડભોઇ પોલીસ સ્ટેશન ના વાર્ષિક ઇસ્પેકશન ના પુર્ણાહુતિ પ્રસંગે આજરોજ ડભોઇ પોલીસ સ્ટેશન ના કંપાઉન્ડ મા પોલીસ પરેડ નુ ખુબજ બારીકાઇ થી જીલ્લા પોલીસ વડાએ નિરીક્ષણ કર્યુ હતુ.અને ડભોઇ પી.આઇ.કે.જે.ઝાલા એ સલામી આપી હતી.તેમજ ડભોઇ પોલીસ જવાનો ની ચુસ્તીફુર્તી સાથેની પરેડ મા આગેબઢ, પીછેમુડ,દાહીને મુડ,બાહીને મુડ ના અવાજ સાથે જવાનો ની શિસ્તબધ્ધ પરેડ યોજાઇ હતી. પોલીસ સ્ટેશન નુ વાર્ષિક ઇસ્પેકશન એટલે વર્ષ દરમિયાન પોલીસ સ્ટેશન મા પોલીસ ધ્વારા કરાતી કામગીરી કેસ પેપર ના નિકાલ તેમજ પેંડીંગ કેસો ની છણાવટ સાથે પોલીસ જવાનોની ચુસ્તીફુર્તી સહીત ની જીલ્લા પોલીસ વડા ધ્વારા કરાતી ચકાસણી.

### 40 ટકા કે તેથી વધુ દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરાયું

**વડોદરા :** લાભ લેવા માટે તા.૪ એપ્રિલ થી તા. ૯ એપ્રિલ સુધી દિવ્યાંગજનો એસેસમેન્ટ કરી નામ નોંધણી કરાવી શકશે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર તથા ગુજરાત રાજ્ય અને ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (એલીમ્કો) કાનપુર તથા જિલ્લા વહીવટી તંત્ર વડોદરાના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગજનો માટે જિલ્લાભરમાં એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે દિવ્યાંગજન ૪૦% કે તેથી વધારે દિવ્યાંગતા ધરાવતા હોય તેઓને દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો જેવા કે, ટ્રાયસીકલ, મોટરાઇઝડ ટ્રાઇસિકલ, સ્માર્ટ ફોન,વ્હીલચેર, કાખઘોડી, શ્રવણયંત્ર, ટી.એલ.એમ કીટ, કૃત્રિમ અંગ, કેલીપર્સ, વિગેરે માટે એસેસમેન્ટ હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત એસેસમેન્ટ કરાવવા માટે તા.૦૪/૦૪/૨૦૨૫ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર બાજવા ખાતે, તા.૦૫/૦૪/૨૦૨૫ના રોજ દીપક ફાઉન્ડેશન, સમાજ સુરક્ષા સંકુલ પેન્શનપુરા ખાતે, તા. ૦૬/૦૪/૨૦૨૫ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, વાઘોડિયા ખાતે, તા. ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર સાવલી ખાતે અને તા.૦૯/૦૪/૨૦૨૫ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ડેસર ખાતે નામ નોંધણી કરાવી શકાશે. આ કેમ્પમાં વધુમાં વધુ જરૂરિયાતમંદ દિવ્યાંગજનો પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-૨, ૪૦% કે તેથી વધુની દિવ્યાંગતા ધરાવતા હોવા અંગેનું UDID કાર્ડ અથવા UDID કાર્ડનો નોંધણી નંબર કે દિવ્યાંગતા ડોક્ટરી પ્રમાણપત્રની નકલ, આધાર કાર્ડની નકલ, રહેઠાણનો પુરાવોની નકલ સાથે હાજર રહી પોતાના નામની નોંધણી કરાવી એસેસમેન્ટ કરવી શકશે. વધુ માહિતી માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, રૂમ નં-૧૦૩, સી-બ્લોક, પ્રથમ માળે, જેલ રોડ, નર્મદા ભવન, વડોદરા, તથા ફોન નં. ૦૨૬૫-૨૪૨૮૦૪૮ પર સંપર્ક કરવા માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની એક યાદીમાં જણાવાયું છે.

### સરકાર સૌનો સાથ સૌનો વિકાસ નામની માળા જપતી રહી છે

# બોડેલીના ઉચા કલમ નર્મદા વસાહતમાં વસતા લોકોને પીવાના પાણીની સમસ્યા

આગામી બે ત્રણ દિવસમાં આ સમસ્યાનો ઉકેલ ના લાવવામાં આવે તો ગાંધી ચીંધીયા માર્ગે આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) બોડેલી, તા. 26
આઝાદીના 75 વર્ષ બાદ વિકાસ તો છે પણ જાળવણી નથી એવું બોડેલી તાલુકાના ઉંચા કલમ ગુજરાત નર્મદા વસાહત જ્યાં છેલ્લા લગભગ 30 થી 32 વર્ષથી રહેતા એવા ગ્રામજનો ગુજરાત રાજ્યના વિકાસ માટે પોતાનું ગ્રામ વતન ખેતીવાડી છોડી આવ્યા પણ પોતે જ વિકાસથી દૂર થઈ ગયા.

સરકાર સૌનો સાથ સૌનો વિકાસ નામની માળા જપતી રહી છે ત્યારે વસાહતમા વસવાટ 30 વરસ બાદ સરકાર તરફથી પીવાના પાણીની સગવડ પણ કમ નસીબિએ આ ગામનો સાથ ન છોડ્યો અને એ સુવિધા પણ લાઈટ બિલ ન ભરવાના કારણે છીનવાઈ ગઈ દસ દિવસ અગાઉ જીઈબીએ લાઈટ કનેક્શન ના વાયરો લાઈટ બિલ ન ભરવાને કારણે કાપી નાખ્યા તે સમયે ત્યાંના સ્થાનિક નાગરિકોએ નિગમના સાહેબ નો સંપર્ક કરતા તેઓએ બે દિવસમાં લાઈટ બિલ ભરી દેવામાં આવશે તેવી ટેલીફોનિક બાહેધરી આપવામાં આવી હતી પણ તેમ છતાં લાઈટ બિલના નાણાં ના ભરાતા છેલ્લા પાંચ સાત દિવસથી લાઈટનું મીટર પણ છોડીને લઈ ગયા જેને લઈને ગ્રામજનોનો પીવાના પાણી સહિત મૂંગા પશુ અને ઘર માટે પણ પાણી ક્યાંથી લાવું એ એક પ્રશ્ન ઉભો થયો ત્યારે વિકાસની વાતો કરનાર આ સરકારને આદિવાસીઓની વ્યથા સંભળાશે ખરી, આ પ્રશ્નો ખૂબ જ સવેદનશીલ છે, ગ્રામજનોનું જણાવે છે કે આગામી બે ત્રણ દિવસમાં આ સમસ્યાનો ઉકેલ ન લાવવામાં આવે તો અમે સૌ અમારા છોકરાઓ અને પશુઓ સાથે જે તે અધિકારીની ઓફિસની બહાર આ સમસ્યાનો નિરાકરણ ન આવે ત્યાં સુધી ગાંધી ચીંધીયા માર્ગે આંદોલનની ચીમકી આપી હતી.

# બોડેલી પોલીસે રૂ. 1.98 લાખનો વિદેશી દારૂ ઝડપ્યો




(પ્રતિનિધિ) બોડેલી, તા. 26
સંદિપસિંઘ પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગ, વડોદરા તથા ઈમ્તીયાઝ શેખ પોલીસ અધિક્ષક છોટાઉદેપુર નાઓ દ્વારા જીલ્લામાં પ્રોહી જુગારની પ્રવૃતિ સદંતર રીતે નેસ્ત-નાબુદ કરવા તેમજ દારૂબંધીનો કડક અમલ થાય તે મુજબ કાર્યવાહી કરવા સુચના આપેલ જે આધારે શ્રી ગૌરવ અગ્રવાલ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી બોડેલી ડીવીઝન બોડેલી નાઓએ આપેલ સુચના આધારે આજરોજ બોડેલી પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી ડી.એસ.વાઢેર નાઓ પોલીસ સ્ટાફના માણસો ને આપેલ સૂચના આધારે સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ ચેતનભાઈ ભેગીયાભાઈ બ.ન.૦૯ નાઓને મળેલ બાતમી આધારે ધનપુર ખોસ નર્મદા વસાહત ગામ નજીક આવેલ નર્મદા મેઈન કેનાલ પાસે રોડ ઉપરથી એક સિલ્વર કલરની ટાટા નેનો ફોર વ્હીલ ગાડી નંબર GJ-06-DQ-3184 મા આગળના બોનટના ભાગે બનાવેલ ચોરખાના માંથી તથા પાછળના ડીકીના ભાગેથી છુટ્ટા ભરેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી ૧૮૦ મી.લી.ના પ્લાસ્ટીકના ક્વાટરીયા નંગ-૬૯૦ કિં.રૂ.૯૩,૧૫૦ તથા દારૂની વિદેશી દારૂની હેરાફેરીમાં લીધેલ ટાટા નેનો ફોર વ્હીલ ગાડી રજી નંબર GJ-06-DQ-3184ની કિંમત રૂ.૧,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- ગણી કુલ કિંમત રૂ.૧,૯૮,૧૫૦/- નો મુદ્દામાલ ઝડપ્યો છે.

## હાફેશ્વર ગામે દેવદી ફળિયામાં આગ લાગતા ઘરવખરી બળીને ખાખ



(પ્રતિનિધિ) કવાંટ, તા. 26
કવાંટ તાલુકાના હાફેશ્વર ગામના મહારાષ્ટ્ર બોર્ડર પર આવેલ દેવદી ફળિયાના આગ લાગતા એક મકાનને ઘરવખરી બળીને ખાખ થઈ ગયું હતું.

તારીખ:૨૫.૦૩.૨૫ ના મંગળવારના રોજ હાફેશ્વર ગામે દેવદી ફળિયામાં રહેતા ભીલ રીનેશભાઈ પેરવાભાઈ ના મકાનમાં અચાનક આગ લાગવાથી મકાન તેમજ ઘરવખરી સામાન અકસ્મિક આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. આજ રોજ કવાંટ તાલુકા પંચાયતના પ્રમુખ મિલનભાઈ તથા ઉપ પ્રમુખ ભારેશભાઈ રાઠવા તથા છોડવાની ગ્રામ પંચાયતના સરપંચ તુલસિંગભાઈ તેમજ હાફેશ્વર ગ્રામ પંચાયતના ગામ આગેવાન વેચાણભાઈ તેમજ મોહનભાઈ ની હાજરીમાં તાલુકા પંચાયના પ્રમુખએ ઘરવખરી માલસામાન નુકસાન થવાથી તેઓ 30, કી. ગ્રા ચોખા, તુવરદાળ,તથા ઘરવખરી વાસણોનું અસરગ્રસ્ત ને સહાય કરવામાં આવેલી છે. આગ લાગતા એક મકાનને ઘરવખરી બળીને ખાખ થઈ ગયું હતું.

## હેવમોર અને ગુજરાત ટાઈટન્સ ઉનાળામાં રોમાંચક સફર માટે તૈયાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26
આખા ભારતનું દિલ જીતવા માટે રોમાંચક નવા પ્લાન્સની સાથે સંબંધોને મજબૂત બનાવવા તેમજ સફળતા માટે એક સહિયારા વિઝનની શરૂઆત કરાઈ છે.

હેવમોર આઈસ્ક્રીમ એ લોટ્ટે વેલફૂડ કંપની લિમિટેડનો ભાગ છે તેમજ સૌથી પ્રિય આઈસ્ક્રીમ બ્રાન્ડ્સમાંની એક હેવમોર આઈસ્ક્રીમ એ ૨૦૨૫ સીઝન માટે ગુજરાત ટાઈટન્સની પોતાની સફળ ભાગીદારીના રિન્યુઅલની ઉત્સુકતાથી જાહેરાત કરી. રિન્યુઅલ દેશભરના ક્રિકેટ ચાહકો માટે મનોરંજન, ઉત્તેજના અને યાદગાર પળો બનાવવાની બંને બ્રાન્ડના કમિટમેન્ટને મજબૂત બનાવે છે. પાર્ટનરશીપ, હેવમોર- ગુજરાત ટાઈટન્સ વચ્ચે શ્રેષ્ઠતા, જુસ્સો અને સમુદાય ભાવનાના સહિયારા મૂલ્યો પર બનેલી છે. પાર્ટનરશીપના જીતવાના ઉદ્દેશથી પહેલ કરવા માટે તૈયાર છે.

### ચોરો તંત્રની રહેમ નજર હેઠળ લાકડાની ચોરી કરી જાય છે

# શિનોર તાલુકામાં વૃક્ષો કાપી તેના લાકડા ચોરી જવાનો વેપલો ખુલ્લેઆમ ચાલે છે

**સ્થળ ઉપર** તપાસ કરતા કેટલાય દેશી બાવળ ના કાપી ગયેલ વૃક્ષો જોવા મળ્યા



(પ્રતિનિધિ) શિનોર, તા. 26
તમામ સરકારી વિભાગો ગેરકાયદે વૃક્ષ છેદનની પ્રવૃત્તિઓથી વાકેફ હોવા છતાં પણ તાજેતરમાં અવાખલ થી તરવા - બાણજ ગામેથી પસાર થતી નર્મદા નિગમની કેનાલની આજુબાજુથી બાવળ ના ઘટાદાર ઘણા વૃક્ષો કાપીને લાકડાની ચોરી થઈ છે અને હજુ કટિંગ કરેલ લાકડા સ્થળ પર છે. ત્યારે તરવા ગામના યુવાનો દ્વારા કેનાલ ના અધિકારી ઓનું ધ્યાન દોર્યું હોવા છતાં કોઈ કાર્યવાહી ના થતા તંત્ર ના અધિકારી ઓની મીલીભગત થી લાખો રૂપિયા ના વૃક્ષો નુ નીકદન થઇ રહ્યું હોય આની પર રોક કોણ લગાવશે તે ચર્ચા નો વિષય બનેલ છે.

તાલુકા માંથી પસાર થતી નર્મદા નિગમની બે કેનાલ પસાર થાય છે તેમાંની એક અવાખલ થી બાણજ ગામ સુધીની નર્મદા કેનાલની આજુબાજુ ઊગી નીકળેલા અથવા તો ઉગાડવામાં આવેલા ઘટાદાર દેશી બાવળ ના 100 થી 150 જેટલા વૃક્ષોનું કટીંગ કરી નાખી વેચી દેવાનો કોઈ હરામખોરો તંત્રની રહેમ નજર હેઠળ લાકડાની ચોરી કરી જાય છે. સ્થળ ઉપર તપાસ કરતા કેટલાય દેશી બાવળ ના કાપી ગયેલ વૃક્ષો જોવા મળ્યા અને કાપેલા લાકડાનો ઢગલો પડેલો છે. આ સ્થળે તરવા ગામના યુવાનો મળતા તેઓએ જણાવેલ કે છેલ્લા એક મહિના થી અહીં થી ઘણા વૃક્ષો કાપી લઇ ગયા છે. આ બાબતે કેનાલ ના અધિકારી ચૌહાણ સાહેબ ને મોબાઈલ પર ફોટા મોકલાવી ધ્યાન દોર્યું હતું. તેમ છતાં તેઓ દ્વારા કોઈ પગલાં ભરાયા નથી. આમ આ તંત્ર ની મીલીભગત થી આ વૃક્ષો નુ નીકદન થઇ રહ્યું છે. તદુપરાંત છુટા છવાયા અનેક લાકડા મશીનથી કટીંગ કરીને પડેલા છે. સરદાર સરોવર નર્મદા નિગમનું તંત્ર તથા તેના રખેવાળ તમામ હકીકતથી વાકેફ છે. છતાં પણ આ લક્કડ ચોરો પર કેમ પગલાં લેવાતા તે ચર્ચા નો વિષય છે.

### પરપ્રાંતિય દંપતી ખુલ્લા મેદાનમાં ઝૂપડા બાંધી રહેતા હતા

# મંજુસર GIDCમાં બે માસૂમ બાળકીના અપહરણના મામલામાં 3 ઝડપાયા, 1 ફરાર

**ભોગ બનનાર** સાથે કામ કરતી છાયા અને તેના પતિની ભૂમિકા શંકાસ્પદ જણાઈ આવી હતી



(પ્રતિનિધિ) સાવલી , તા. 26
સાવલી તાલુકાના મંજુસર જી આઈ ડી સી માં બે માસૂમ બાળકી ના અપહરણ નો મામલા માં મંજુસર પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલીને બે મહિલા સહિત ત્રણ ને ઝડપી પાડી એક ને ફરાર જાહેર કર્યો છે.

સાવલીના મંજુસર જી આઈ ડી સીમાં પરપ્રાંતિય દંપતી ખુલ્લા મેદાનમાં ઝૂપડા બાંધી રહેતા હતા. અને છૂટક મજૂરી કરી જીવન ગુજારતા હતા.

ગત તારીખ ૨૪/૩ ના રોજ દંપતી પોતાની બે વર્ષ ની દીકરી અને ચાર વર્ષની દીકરી ઓ ને ઘરે મૂકીને મજૂરી એ ગયા હતા તે દરમ્યાન સાંજે પરત ફરતા બાળકીઓ લાપતા જણાતા ભારે શોધખોળ આરંભી હતી પરંતુ ક્યાંય પત્તો જડ્યો ન હતો આખરે સમગ્ર મામલો મંજુસર પોલીસ મથકે પહોંચ્યો હતો.

સમગ્ર બનાવની જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસ મથક ના પી આઈ કૌશિકભાઈ સિસોદિયા એ તપાસ ચાલું કરી હતી અને જી આઈ ડી સી ના તમામ એન્ટ્રી એક્ઝિટના સીસીટીવી તપાસ કર્યા હતા અને વિવિધ ટીમો કામે લગાડી હતી સાથે સાથે જિલ્લા ની એસ ઓ ,જી એલ સી બી સહિત ની ટીમો કામે લાગી હતી જેમાં ભોગ બનનાર સાથે કામ કરતી છાયા અને તેના પતિની ભૂમિકા શંકાસ્પદ જણાઈ આવી હતી.

# વાલિયામાં શિક્ષક દંપતીની હત્યા: રાજપૂત યુવા સંઘ દ્વારા કડક સજાની માંગ

**શિક્ષક** દંપતીની ઘાતકી હત્યાની રાજપૂત સમાજ ઘોર નિંદા કરે છે




(પ્રતિનિધિ) ભરૂચ , તા. 26
વાલિયા તાલુકાની ગણેશ ગાર્ડન સોસાયટીમાં શિક્ષક દંપતીની હત્યાના પ્રકરણથી લોકોમાં રોષ ફેલાયો છે. આ ઘટનામાં સંલગ્ન આરોપીને કડક સજાની માંગ સાથે વાલિયા તાલુકા રાજપૂત યુવા સંઘે વાલીયા મામલતદાર મારફતે રાજ્યના મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું છે. રાજપૂત યુવા સંઘના પ્રમુખ સુરેન્દ્રસિંહ કપલેટીયા, ભારતસિંહ ભટારા, બળવંતસિંહ માંગરોલા અને જયેન્દ્રસિંહ અટોદરીયા સાથે મૃતક દંપતીના પરિવારજનો જેમાં તેમની જ્યેષ્ઠ પુત્રી સોનલબેન અને ભરતસિંહ બારડ પણ શામેલ હતા, જેમણે આપેલ આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ગત 5 માર્ચે ગણેશ ગાર્ડન સોસાયટીમાં થયેલી શિક્ષક દંપતીની ઘાતકી હત્યાની રાજપૂત સમાજ ઘોર નિંદા કરે છે.

# સાવલીની પોક્સો કોર્ટ દ્વારા ત્યજી દીધેલા બાળકના પ્રકરણમાં દુષ્કર્મના આરોપીને 20 વર્ષની સખ્ત કેદ

**સન ૨૦૨૪ની** સાલમાં સાવલી ની સહજાનંદ ક્લિનિક ના છાપરા પરથી ત્યજી દીધેલ નવજાત મળી આવ્યું હતું



(પ્રતિનિધિ) સાવલી, તા. 26
સન ૨૦૨૪ની સાલમાં સાવલી ની સહજાનંદ ક્લિનિક ના છાપરા પરથી ત્યજી દીધેલ નવજાત મળી આવ્યું હતું જેના પગલે ભારે ખળભળાટ મચી ગયો હતો જેની ફરિયાદ સાવલી પોલીસ મથકે નોંધાઈ હતી પોલીસે ભારે જીણવટપૂર્વક તપાસ કરીને બનાવના મૂળિયા સુધી પહોંચ્યા હતા તપાસ માં સગીરા સાથે દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવી હતી તેમજ પોતાનું દુષ્કર્મ છુપાવવા ક્લિનિકના છાપરા પર બાળક ત્યજી દીધું હતું પોલીસે આ ગુનામાં જયેશ વજેસિંહ રાઠોડ રહે ભવાની પુરા તા સાવલી ની ધરપકડ કરી હતી અને ભારે વૈજ્ઞાનિક ઢબે તપાસ કરીને સંયોગીક પુરાવા ભેગા કર્યા હતા જેનો કેસ પોકસો જજ જે એ ઠક્કરની કોર્ટ માં ચાલી જતા મેડિકલ પુરાવા તેમજ નમૂના અને ડી એન એ પરીક્ષણ ના સહિતના પુરાવા રજૂ કર્યા હતા આરોપીને કોર્ટે તકસીરવાર ઠેરવ્યો હતો ૨૦ વર્ષની સખ્ત કેદની સજા એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. તેમજ આરોપી દંડ ની રકમ ભોગ બનનાર ને ચૂકવવા હુકમ કર્યો છે અને વિક્ટીમ કોમ્પનસેશન સ્કીમ હેઠળ જિલ્લા લીગલ ઓથોરિટી ને ચાર લાખ ની સહાય પીડિતા ના પરિવાર ને ચૂકવવા ભલામણ કરી છે.

# પાદરાના નેન્દ્રા ગામે દારૂ સાથે રૂ. 1.85 લાખનો મુદ્દામાલ જપ્ત

પાદરા તાલુકાના નેન્દ્રા ગામે દારૂ, કાર, બાઈક મળી કુલ રૂ.૧,૮૫,૨૦૦નો મુદ્દામાલ કબજે લેવાયો, બાઈક ચાલક પકડાયો, કારનો ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો.

પાદરા તાલુકાના નેન્દ્રા ગામે ખેતરમાં કારમાંથી ૧૦,૨૦૦નો વિદેશી શરાબ બાઈક ચાલકને આપતી વખતે પોલીસે રેડ કરી હતી અને દારુ, કાર, બાઈક મળી કુલ રૂ. ૧,૮૫, ૨૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો તેમજ બાઈક ચાલકને ઝડપી પાડ્યો હતો જો કે કાર ડ્રાઈવર ફરાર થયો હતો.

મળતી વિગત મુજબ વડુ પોલીસને બાતમી મળી હતી કે નેન્દ્રા ગામમાં વિદેશી શરાબની હેરાફેરી થવાની છે તેથી વોચ ગોઠવી હતી દરમ્યાન ગામના રતનપુરા ફળિયામાં રહેતો અજય રતીલાલ પાટણવાડીયા પોતાના કપાસ ના વાવેતર વાળા ખેતર માં આવેલી ઈકો કારમાંથી વિદેશી શરાબ ઉતારતો હતો ત્યારે પોલીસ ત્રાટકી હતી અને રૂ. ૧૦,૨૦૦નો વિદેશી શરાબ, કાર બાઈક કબ્જે લીધા હતા. અને અજયની અટક કરી હતી જો કે કાર ચાલક નાસી ગયો હતો.